# કૂકડે.... કૂક

– રક્ષાબહેન દવે

રાતના બે વાગ્યા હશે. પવને મધુમાલતીને કાનમાં આવીને કાંઈક કહ્યું અને મધુમાલતી ધ્રુજી ઊઠી. તેણે ઝૂકીને ગુલાબના છોડને કહ્યું અને ગુલાબ અકળાઇ ઊઠયો. વાત સાંભળીને મોગરો તો મૂંઝાઈ જ ગયો. સૂરજમુખીના છોડે આ વાત સાંભળી ત્યારે તે તો રોઇ પડયો. તળાવની કમલિનીઓ આ વાત સાંભળીને માથું કૂટવા માંડી.

શી હતી એ વાત ?

રાતરાણી પણ એ વાત સાંભળીને અકળાઇ ઊઠી અને બોલી, ‘પણ મારે હવે સૂઇ જાવું છે, હું થાકી ગઇ છું.’પણ એ હવે સૂઇ નહીં શકે. તેને બગીચાનું ધ્યાન રાખવા માટે બીજા બાર કલાક જાગવું પડશે. કારણ કે હવે ગુલાબની કળીઓ કે મોગરાની કળીઓ ખીલી શકશે નહીં. ગુલછડી પણ ગભરાઈ ગઈ.


તેનેય હવે સૂઈ જવું હતું પણ કોઈ જાગે તો પોતે સૂઈ શકે ને ? કમલિની એટલે કમળનો છોડ. તેની ઉપર કમળો ઊગશે નહીં. કારણ કે સવારે સૂરજ ઊગવાનો નથી. કારણ કે પૂર્વદિશાની ચાવી પવને ખોઈ નાખી છે. એક પહાડ ઉપરથી બીજા પહાડ ઉપર તે ઠેકડો મારવા ગયો ત્યાં વચમાં વહેતી નદીમાં પૂર્વ દિશાનું તાળું ખોલવાની ચાવી પડી ગઈ. હવે શું થાય ? સવાર પડશે ત્યારે આવું વિચારતો કમળમાં પુરાયેલો ભમરો આ વાત સાંભળીને ડૂસકે ચડી ગયો.

કાચબાઓ અને દેડકાઓથી આ સહેવાયું નહીં. કોઈ મુશ્કેલીમાં હોય તો મદદ તો કરવી જ જોઈએ ને ? કાચબાઓ અને દેડકાઓ કહે, ‘અમે નદીમાં પડીને ચાવી શોધી લાવીએ.’ અને તેઓ નદીમાં પેઠા. પણ ત્યાં તેમણે નાની નાની માછલીઓ પાસેથી સાંભળ્યું કે એક મોટી માછલી આ ચાવીને ગળી ગઈ છે. અને હવે તો એ ક્યાંયની ક્યાંય ભાગી ગઈ હશે. કદાચ નદીમાંથી હવે દરિયામાં પેસી ગઈ હશે. કાચબાઓ અને દેડકાઓ બોખા જેવું મોઢું લઈને પાછા ફર્યા. સૌ નિરાશ થઈ ગયા.

સવારના સાડા પાંચ થવા આવ્યા. વહેલા ઊઠવાની ટેવવાળા લોકો જાગ્યા. તેમણે આ જાણ્યું ત્યારે તેઓ કંપી ઊઠયા. કહેવા લાગ્યા, ‘અરે એ ! સૂરજ ન ઊગે તો તો ભૂંડું થાય. નહીં વાદળાં બને, નહીં વરસાદ આવે અને જંતુઓ ફેલાશે. રોગચાળો ફાટી નીકળશે.’

ખેડૂતો કકળી ઊઠ્યા, ‘વરસાદ વિના વાવેલું ઊગશે નહીં. અને ઊગેલા છોડ સૂરજ વિના પીળા પડી જઈ મરી જશે. રામ–રામ–રામ ! સૂરજદેવ વિના તો નહીં ચાલે.’

પક્ષીઓમાં પણ ફફડાટ પેઠો. ચકલીએ ચકલાને કહ્યું, ‘હવે આપણે શું કરશું ? બચડિયાં જાગીને ખાવા માંગશે ત્યારે અંધારામાં શોધવા પણ ક્યાં જાશું ?’ કાગડા જેવો કાગડોય ચિંતા કરવા લાગ્યો.



સવારના છ થવા આવ્યા. પણ અંધારું ઘોર ! કૂકડાભાઈ કહે, 'ચાવી તો હવે મળે એમ નથી. તેથી પૂર્વનાં બારણાં ખૂલશે નહીં. અને તેથી સૂરજનો રથ હવે આવી શકશે નહીં. પણ મને એક 'આઈડિયા' સૂઝે છે. પૂર્વ દિશામાં જઈને જોશથી બે બારણાંની વચમાં મારેલા તાળા પાસે ઊભો ઊભો કૂકડે....કૂક એમ જોશથી સૂરજદાદાને પોકાર પાડું. મારા આ કૂકડે....કૂકનો જાદુ અજમાવી જોઈએ.' બધા કહે, 'હા, હા, શું કામ નહીં ? એવું ય કરી જુઓ.'

અને કૂકડાએ પૂર્વ દિશામાં જઈને બે બારણાંની વચ્ચે લગાવેલા તાળા પાસે ઊભા ઊભા કૂકડે.....કૂક એમ જોરથી પોકાર પાડયો. બારણાં થોડાં ધ્રૂજ્યાં. સૌ મલકાઈ ઊઠ્યા. કૂકડાએ ફરીથી કૂકડે....કૂક કર્યું અને પૂર્વ દિશાની પારથી બે હાથીઓ દોડી આવ્યા. એમણે બારણાંને ધક્કો મારીને આગળિયો તોડી નાખ્યો. બારણાં ખૂલી ગયાં. અને કૂકડાની કલગી જેવું લાલ લાલ ઉપરણું ઝુલાવતાં ઝુલાવતાં સૂરજદેવ પધાર્યા. બધા રાજી રાજી થઈ ગયા.

કિરણનો હાથ લાંબો કરી ગુલાબની કળીઓને ગાલે ટપલી મારીને સૂરજે કહ્યું, 'એઈ, ઊઠો.' કળીઓ આંખો ચોળવા લાગી અને ઘડીની વારમાં ફૂલ બનીને મઘમઘવા માંડી. કિરણનો હાથ લાંબો કરી સૂરજદાદાએ મોગરાની કળીઓની મુઠ્ઠીઓ ઉઘાડી નાખી. તળાવની કમલિનીઓ કમળ બની ગઈ. એટલે એમાંથી ગુન–ગુન–ગુન કરતો ભમરો બહાર નીકળીને બોલ્યો, 'સૂરજદાદા કી જૈ.' સૂરજમુખીએ ઊંચું જોઈને સ્મિત કર્યું. જાસૂદે વાંકા વળી નમસ્કાર કર્યા.

મધુમાલતી નાચી ઊઠી. કૌરવ–પાંડવ વેલની કળીઓ જામલી જામલી મલકી ઊઠી અને સુગંધનો દરિયો લહેરાયો. રાતરાણી અને ગુલછડીને નિરાંત થઈ ગઈ, 'હાશ, આખો બાગ હવે જાગી ગયો છે. હવે અમે આરામ કરીએ તો વાંધો નથી.' અને બંને નિરાતે સૂઈ ગયાં.

બસ, ત્યારથી કૂકડો રોજ સવારે કૂકડે....કૂક બોલે છે અને પૂર્વ દિશા ખૂલે છે અને સૂરજદાદા પધારે છે. હવે નથી આગળા કે હવે નથી તાળાં. કૂકડાભાઈ કૂકડે....કૂક બોલે અને સૂરજદેવ પૂર્વમાં પ્રગટ થાય.

જે દિવસે સૂરજદાદા કૂકડાના કૂકડે... કૂકથી ઊગ્યા તે દિવસનું નામ રવિવાર પડ્યું. રવિ એટલે સૂરજ. અને લોકોએ તે દિવસે રજા રાખી અને સારું સારું ભોજન રાંધીને ખાધું. બોલો ''કૂકડે...કૂક.''

■